# ઈલિનોઈસ રાજ્યનું સીલ ઓફ બાય-લિટરસી

## માતાપિતાને માર્ગદર્શન

### ઈલિનોઈસ રાજ્યએ સીલ ઓફ બાય-લિટરસી શા માટે સ્થાપિત કરી?

- ✓ વિશ્વભાષાઓના અભ્યાસને પ્રોત્સાહિત કરવા.
- ✓ બાય-લિટરસી પ્રાપ્ત કર્યાને સત્તાવાર રીતે પ્રમાણિત કરવા.
- ✓ નોકરીદાતાને બહુભાષીઓને ઓળખવાની પદ્ધતિ પ્રદાન કરવી.
- ✓ પ્રવેશ અને ભાષામાં પ્લેસમેન્ટ ઈચ્છતા હોય એવા અરજદારોને ઓળખવા માટે મહાવિદ્યાલયોને વધારાની પદ્ધતિ પ્રદાન કરવી.
- ✓ 21મી સદીના કૌશલ્યો સાથે વિદ્યાર્થીઓને તૈયાર કરવા.
- ✓ વિશ્વ ભાષા અને મૂળ ભાષા સૂચનાના મૂલ્યોને ઓળખવા.
- ✓ આંતરજૂથ સંબંધોને મજબૂત કરવાવિવિધતાના મૂલ્યોની પુષ્ટિ કરવા અને સમુદાયની બહુવિધ સંસ્કૃતિઓનું અને ભાષાઓનું સન્માન કરવા!

### શું તમારો વિદ્યાર્થી બાય-લિંગ્વલ છે?

તેઓ તેમના હાઈસ્કૂલ ડિપ્લોમા અને ટ્રાન્સ્ક્રિપ્ટ પર ઈલિનોઈસ બાય-લિટરસીનું રાજ્ય સીલ કમાવવા માટે પાત્ર હોઈ શકે છે.

### બાય-લિટરસી રાજ્ય સીલ શું છે?

તે ઈંગ્લિશ અને એક અથવા વધુ વધારાની ભાષાઓમાં ઉચ્ચ સ્તરનું પ્રાવિણ્ય પ્રાપ્ત કરવાની માન્યતામાં ગ્રેજ્યુએશન વખતે આપવામાં આવતો એવોર્ડ છે. વિદ્યાર્થી આ પ્રાપ્ત કરી શકે છે ઈલિનોઈસ રાજ્યની સાર્વજનિક કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં કોલેજ ક્રેડિટ.

### સીલનો સંકલ્પિત પ્રાપ્તકર્તા કોણ છે?

ઉચ્ચ શાળાના સ્નાતકો જેમની પાસે ઈંગ્લિશ સિવાયની હેરિટેજ ભાષા છે અને ઈંગ્લિશ બોલનારા વિદ્યાર્થીઓ કે જેમણે ઈંગ્લિશ સિવાયની નવી અન્ય ભાષાનો અભ્યાસ કર્યો છે તેઓ આ વિશિષ્ટતાના પ્રાપ્તકર્તાઓ છે. બાય-લિંગ્વાલિઝમ એ એક વ્યક્તિની અસ્ક્યામત છે જેની ઉજવણી કરવી જોઈએ!

### સીલ કેવી રીતે કમાવી શકાય છે?

તમારા વિદ્યાર્થીની હાઈ સ્કૂલમાં નોંધણી કરાવવી આવશ્યક છે જેથી રાજ્યના કાર્યક્રમમાં દર વર્ષે ભાગ લઈ શકે. વિદ્યાર્થીઓ રાજ્યની માન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા ઈંગ્લિશ પ્રાવિણ્યનો પુરાવો દર્શાવે છે. માન્ય પરીક્ષા અથવા પોર્ટફોલિયોનો ઉપયોગ વિદ્યાર્થી કઈ અન્ય ભાષા બોલે છે તેના પ્રાવિણ્યનો આધાર દર્શાવવા માટે થઈ શકે છે.

### વધુ માહિતી જોઈએ છે?

પૂછો તમારી હાઈસ્કૂલના કાઉન્સેલિંગ વિભાગને અને તેઓને તમારા વિશે જણાવો કે બાળક બીજી કઈ ભાષા બોલે છે! અથવા મોકલો ઈમેલ biliteracy@isbe.net પર કોઈ પણ પ્રશ્નો સહિત.

**isbe.net**

### નિપુણતા દર્શાવવા માટે કયા મૂલ્યાંકનોનો ઉપયોગ કરી શકાય છે?

#### ઈંગ્લિશની કુશળતા માટે ન્યૂનતમ સ્તર

1. ACT અથવા SAT સ્કોર્સ
2 ACCESS (EL ના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધતા)
3. AP ભાષા અને સંયોજિત સ્કોર્સ
4. ડ્યુઅલ ક્રેડિટ કોર્સ વર્ક
5. STAMP 4S પરીક્ષા
6. AAPPL

#### વિશ્વ ભાષા કુશળતા

1. AP ભાષા અને સંસ્કૃતિનો સ્કોર
2 STAMP 4S પરીક્ષા
3. AAPPL પરીક્ષા
4. અન્ય ACTFL ડોમેન પરીક્ષા
5. ALTA પરીક્ષા અન્ય પોર્ટફોલિયો પદ્ધતિઓ ઉપલબ્ધ છે

**વિગતો અને સ્કોર આવશ્યકતાઓ ISBની બાય-લિટરસી વેબસાઈટની સીલ પર મળી શકે છે.**

Illinois State Board of Education

# ઈલિનોઈસ રાજ્યનું સીલ ઓફ બાય-લિટરસી

## પૃષ્ઠભૂમિ

**ઈલિનોઈસ રાજ્ય સીલ ઓફ બાય-લિટરસી એ ઈંગ્લિશ અને એક અથવા વધુ અન્ય ભાષાઓમાં ઉચ્ચ સ્તરનું પ્રાવિણ્ય પ્રાપ્ત કરવા માટે સ્નાતક સમયે આપવામાં આવતો એવોર્ડ છે. તે અધિકૃત રીતે વિદ્યાર્થીની ટ્રાન્સક્રિપ્ટ અને હાઈસ્કૂલ ડિપ્લોમા પર નિયુક્ત કરવામાં આવે છે.**

**આ પુરસ્કારનો હેતુ એવા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાનો છે જેઓ ઘરે ઈંગ્લિશ સિવાયની અન્ય ભાષા બોલે છે તેમજ જેઓ હાઈસ્કૂલ દ્વારા વિશ્વની ભાષામાં અભ્યાસક્રમ પૂર્ણ કરી રહ્યાં છે. બાય-લિંગ્વાલિઝમ એ દરેક માટે એક અસ્ક્યામત છે.**

બાય-લિંગ્વાલ બનવું એ આજના વૈશ્વિક સમાજમાં મૂલ્યવાન કૌશલ્ય છે. ભાષાના અભ્યાસક્રમો કે જે વિદ્યાર્થીઓને બાય-લિટરસીની સીલ તરફ જવા માટે માર્ગદર્શન આપે છે તે વિદ્યાર્થીઓને માત્ર ભાષા વિશે શીખવવાને બદલે તેમની ભાષા કૌશલ્યનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે. સીલ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ દરમિયાન નવી ભાષાઓ શીખવા અને/અથવા તેમની માતૃભાષા જાળવવા માટે પ્રયત્નશીલ રહેવા વાસ્તવિક રીતે કંઈક આપે છે. તમે ઈલિનોઈસ રાજ્ય સીલ ઓફ બાય-લિટરસી જેવા પ્રોગ્રામની સ્થાપના અને પ્રચાર કરીને તમારા વિદ્યાર્થીઓના ભાષા અભ્યાસને પ્રોત્સાહિત અને પ્રેરિત કરી શકો છો. સૌથી મહત્વની વસ્તુ તમે કરી શકો છો કે તમારી શાળામાં સંસ્કૃતિ સ્થાપિત કરો જે વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓને ઓળખે અને મૂલ્ય આપે.

ઈલિનોઈસમાં, સીલ જાહેર કોલેજો અને યુનિવર્સિટીઓમાં વિદેશી ભાષાના કોર્સને ક્રેડિટમાં પણ રુપાંતરિત કરે છે.

વિદ્યાર્થીઓનું ઈંગ્લિશ અને ત્યારબાદનું પ્રાવિણ્ય દર્શાવવા માટે ઈલિનોઈસ વિવિધ પ્રાવિણ્ય પરીક્ષાઓ અથવા પોર્ટફોલિયો વિકલ્પો સ્વીકારે છે. માન્ય ભાષા પરીક્ષાઓ અમારી વેબસાઈટ પર સૂચિબદ્ધ છે. સહાયતા માટે biliteracy@isbe.net પર સંપર્ક કરી શકો છો.

હું પ્રોગ્રામ કેવી રીતે શરૂ કરી શકું? વાર્ષિક અપેક્ષાઓ અને સમયમર્યાદા શું છે? ગ્રેજ્યુએશન વખતે આપણે ભૌતિક રીતે સીલ કેવી રીતે આપી શકીએ? આ સન્માનને અનુસરનારાઓ જિલ્લાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે શું સહાયતા છે? તમામ પ્રશ્નોના જવાબ અમારી **વેબસાઈટ** ની મુલાકાત લઈને આપી શકાય છે.



Illinois State Board of Education